VOL.06 | SEPTEMBER 2022

ટુડેઝ ફેક્ટ સમાચાર

Issue No.: 11 • Pages : 16 • Total Issue.: 68 • Price : ₹ 15/-

૧૭૦ ફૂટ ઊંચાઈએ
રાષ્ટ્રધ્વજ ફરકાવી સર્જ્યો ઈતિહાસ

સાત મહિનામાં
ઘરેથી ગુમ થઈ ૧,૭૪૦ છોકરીઓ

e-FIR

પોલીસનો નવતર પ્રયોગ,
હવે ઓનલાઈન FIR કરી શકાશે

અમદાવાદ એરપોર્ટ
બની ગયું હવે સાયલન્ટ એરપોર્ટ



Sharbat
RAHAT MEDICARE
રાહત મેડીકેર
TODAYS MEDIA
@todaysmedia01
GOODLUCK DATES
Dry Fruits & Sweet

VISIT…

Wedding Special OFFER

OFFER VALID
TILL 30 SEP 2022

SIFA Refrigeration
ASSURING YOU OF BEST SERVICE ALWAYS

SIFA ELECTRONICS

- LED TV
- REFRIGERATOR
- MICROWAVE OVEN
- WASHING MACHINE

COMBO OFFER
ભાવ ₹54,990/-
*ભાવો બદલી શકે

DAIKIN HITACHI MITSUBISHI LG GENERAL Panasonic VU Jol Haier ONIDA KENSTAR

SHOW-ROOM ADDRESS:

53-61, Ground Floor, C Block, Premier Shopping Centre, Near Mirzapur Court,
Near Rantiyawadi Cross Road, Delhi Chakla Road, Ahmedabad-380001

Helpline :- 9998435057, 9377220458 • Landline :- 079-25620533
Email : sifarefrigeration11@gmail.com • website: www.sifaac.com

sajni ®
FAB'S

શોર્ટ કુર્તી

ડિઝાઇનર રેડીમેઇડ સુટ

કુર્તી

બોટમ વેર

ફેન્સી ડ્રેસ મટીરીયલ્સ

રેડીમેટ સુટને ફિટીંગ કરી આપીશું. કાપડમાંથી સિવીંગ કરી આપીશું.

ફોન : ૦૭૯-૨૭૫૪૧૭૮૬, ૪૮૦૦૪૩૬૦
Email : jbsajni@gmail.com

૧૧૪/૧૧૫/૧૧૬, અજન્ટા કોમર્શીયલ સેન્ટર (અંદર), ઈન્કમટેક્ષ, આશ્રમ રોડ, અમદાવાદ-૧૪

TAJ PIYO KHUL KE JIYO...

taj Sharbat Since 1955

MOUTH WATERING 56 FLAVOURS

SERVE WITH

WATER MILK SODA

FOR TRADE INQUIRY CALL:
9825559786

TAJ sharbat are manufactured by best materials in latest hi tech & hygienic plant

TODAYS MEDIA
GRAPHICS | ADVERTISEMENT | BRANDING | PROMOTION

OUR SERVICES : THE COMPLETE SOLUTIONS FOR BUSINESS NEEDS

- Graphics Design
- Festival Poster
- Digital Visiting Card
- Logo Designing
- Digital Video Logo
- WhatsApp Marketing
- Social Media Marketing
- Menu Card Designing
- YouTube Package
- Newspaper & Magazine Advt
- Digital Wedding Invitation
- Showroom/Business Video
- Business/Social Media Poster
- Social Media Management
- Product Photography
- Motion Posters | Reels | Shorts
- Business on Google Map
- Website Development

CUSTOMIZE CORPORATE GIFT PROMOTION

FOR MORE INFO CONTACT :
M: 77 77 99 18 32

@todaysmedia01

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અટલ બ્રિજનું કર્યું લોકાર્પણ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતની બે દિવસની મુલાકાત માટે અમદાવાદ આવી પહોંચ્યા છે, ત્યારે તેઓ રિવરફ્રન્ટ ખાતે આયોજીત ખાદી ઉત્સવમાં પ્રારંભ કરાવ્યા બાદ પીએમ મોદીએ અટલ બ્રિજનું લોકાર્પણ કર્યું છે. પીએમ મોદીએ અમદાવાદના લોકોને આ નવી ભેટ આપી છે. સાથે જ પીએમ મોદીએ કહ્યું કે, આ બ્રિજની ડિઝાઈન અદભુત છે. પીએમ મોદીએ તેમના સંબોધનમાં અટલ બ્રિજ અંગે કહ્યું હતું કે, અટલ બ્રિજ માત્ર સાબરમતી નદીના બે કાંઠાને જોડતો નથી, પરંતુ તે ડિઝાઈન અને નવીનતામાં પણ અભૂતપૂર્વ છે. ગુજરાતના પ્રખ્યાત પતંગ મહોત્સવની ડિઝાઈનમાં પણ ધ્યાન રાખવામાં આવ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની બે દિવસની મુલાકાત માટે અમદાવાદ આવી પહોંચ્યા હતા ત્યારે તેમણે અહીં ખાદી ઉત્સવનો પ્રારંભ કરાવ્યા બાદ અટલ બ્રિજનું લોકાર્પણ કર્યું હતું. પીએમ મોદી સંબોધન બાદ અટલ બ્રિજ પર પહોંચ્યા હતા. તેઓ અટલ બ્રિજ પર વોક કરતાં જોવા મળ્યા હતા. તેમણે બ્રિજ પર ચાલીને બ્રિજને નીહાળ્યો હતો. તેમની સાથે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ જોવા મળ્યા હતા.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ. દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત સાબરમતી નદી ઉપર એલિસ બ્રિજ તથા સરદાર બ્રિજની વચ્ચે બનાવવામાં આવેલા 'અટલ બ્રિજ'નું વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઈ-લોકાર્પણ કરીને જાહેર જનતા માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. રૂપિયા ૭૪ કરોડના ખર્ચે બનેલો 'એન્જિનિયરિંગ અજાયબી' સમાન આ ફુટ ઓવર બ્રીજ (પેડેસ્ટ્રીયન બ્રિજ) અમદાવાદ શહેરની નવી ઓળખ બનશે. આઈકોનિક ફૂટ ઓવર બ્રિજને લઈને શહેરીજનોમાં છેલ્લા ઘણા સમયથી અનેરું આકર્ષણ જોવા મળી રહ્યું છે. સાબરમતી નદીનાં પૂર્વ અને પશ્ચિમ કાંઠાની વચ્ચે નિર્માણ પામેલ આ આઈકોનિક ફુટ ઓવર બ્રિજ (પેડેસ્ટ્રીયન બ્રિજ) પેડેસ્ટ્રીયન અને સાયકલિસ્ટને એક છેડેથી બીજા છેડે કોઈપણ પ્રકારના ટ્રાફિક વગર સરળતાથી પહોંચવામાં મદદરૂપ થશે. તેમજ અમદાવાદના લોકો સાબરમતી નદી તથા સાબરમતી રિવરફ્રન્ટને ટ્રાફિક વગર શાંતિથી માણી શકશે. અટલ બ્રિજ સાબરમતીના પશ્ચિમ કાંઠે ફ્લાવર ગાર્ડન તથા ઈવેન્ટ ગ્રાઉન્ડ વચ્ચેના પ્લાઝામાં થઈ પૂર્વ કાંઠે બનનાર એક્ઝીબિશન, કલ્ચર, આર્ટ સેન્ટરને જોડવામાં મદદરૂપ બનશે. રિવરફ્રન્ટના લોઅર તથા અપર પ્રોમીનાડ પર થઈને આ બ્રિજ પર જઈ શકાશે.

ભાવિના પટેલ અને સોનલ પટેલનો પરિવાર થયો ભાવુક

અમદાવાદ એરપોર્ટ પર દિલ્હીની એર ઈન્ડિયાની ફ્લાઈટ લેન્ડ થતા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ 'ભારત માતા કી જય'ના નારા સાથે ગુજી ઉઠ્યું હતું. આ નારા બીજા કોઈ માટે નહિ પરંતુ ગુજરાતની બે દીકરીઓ માટે લગાવવામાં આવ્યા હતા. કોમન વેલ્થ ગેમ્સ માં ગુજરાતની ભાવિના પટેલે પેરા ટેબલ ટેનિસમાં ગોલ્ડ મેડલ, જ્યારે સોનલ પટેલે બ્રોન્ઝ મેડલ જીતીને દેશનું નામ રોશન કર્યું છે. ભાવિના પટેલે પેરા ટેબલ ટેનિસમાં ફાઈનલમાં નાઈજિરિયાના ખેલાડીને ૩-૦થી હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. જ્યારે સોનલ પણ કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૨માં પેરા ટેબલ ટેનિસમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. એરપોર્ટ પર પરિવાર, મિત્રો અને કોચ તથા ગુજરાત પેરા એસોસિએશનના તમામ લોકોએ બંનેનું ફૂલહાર અને 'જય હો' નારા સાથે સ્વાગત કર્યું હતું. આ અંગે ભાવિના પટેલેની માતા નિરંજના પટેલે જણાવ્યું કે અમારા માટે આ ઉત્સવ જેવો દિવસ છે. આજે અમને ગર્વ છે ભાવિના અમારી દીકરી છે. જેને પોતાની ખામી ને ખૂબી બનાવી છે. આ

અંગે ભાવિના પટેલના પિતા હસમુખ પટેલે પણ ભાવિનાની જીત માટે ખુશી વ્યક્ત કરી હતી. બીજી તરફ ભારત માટે બ્રોન્ઝ જીતીને લાવનાર સોનલ પટેલના માતાપિતા લાભુબેન પટેલ અને મનુભાઈ પટેલે પણ જણાવ્યું હતું, અમારી દીકરી વિદેશની ધરતી પર ભારતનું નામ રોશન કરશે એવું અમે ક્યારેય ધાર્યું પણ નહોતું. આ સવાલના જવાબમાં ભાવિના પટેલે જણાવ્યું કે, ટોક્યોમાં જીત બાદ સ્વમાનભેર દરેક પેરા ખેલાડીને સન્માન મળતું થયું છે. સૌથી મહત્વની વાત કે ગુજરાત સરકારને મેં જે જે બદલાવ જણાવ્યા કે તે તે બદલાવ સાથે પોઝિટિવ માહોલ ઊભો થયો છે. ગુજરાત સરકારને સજેશન આપ્યા બાદ ખરેખર એ વાતો પર કામ થયું છે અને અમારી હિંમત વધી છે. મારા ગળામાં મેડલ છે અને હું ગુજરાતી છું. આ એ લોકો માટે કહું છું જેમને ગુજરાતનું અપમાન કર્યું છે અને કહ્યું છે કે ગુજરાતને કોઈ મેડલ નથી મળ્યો. આજે ગુજરાત અને ગુજરાતીઓ નામ દેશ વિદેશમાં ગુંજી રહ્યું છે. ગુજરાતનું નામ આપીને મેડલની વાત કરવાવાળા માટે મારા ગળાનો મેડલ કાફી છે.

મહિલા ફાસ્ટ બોલર ઝુલન ગોસ્વામીએ નિવૃત્તી જાહેર કરી

ભારતીય મેન્સ ક્રિકેટની સાથે હવે મહિલા ક્રિકેટમાં પણ ધરખમ ફેરફાર થઈ રહ્યાં છે. ટોચના સિનિયર ખેલાડીઓ મેદાને અલવિદા કહી રહ્યાં છે. મિથાલી રાજ બાદ હવે વધુ એક મહિલા ક્રિકેટરે ભારતીય ક્રિકેટના તમામ ફોર્મેટને અલવિદા કહેવાનો નિર્ણય કર્યો છે.

ભારતની સુપર ફાસ્ટ બોલર ઝુલન ગોસ્વામીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે. ઝુલન ૨૪ સપ્ટેમ્બરના રોજ લોર્ડ્સમાં ઈંગ્લેન્ડ સામે છેલ્લી વનડે રમશે. ઝુલન ગોસ્વામી મહિલા વનડેમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે.

તેમણે ૨૦૧ મેચમાં ૨૫૨ વિકેટ લીધી છે. આ સાથે જ મહિલા વનડે વર્લ્ડ કપમાં સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ પણ તેમના નામે છે. તેમણે વર્લ્ડ કપની ૩૪ મેચમાં ૪૩ વિકેટ લીધી છે.

૩૯ વર્ષીય ઝુલનને ઈંગ્લેન્ડ સામેની હૈં શ્રેણી માટે ભારતીય ટીમમાં પસંદ કરવામાં આવી છે. જોકે, ઝુલન ગોસ્વામી કોમનવેલ્થ ગેમ્સ માટે ભારતીય ૨૦ ટીમનો ભાગ નહોતી. યુવાનોને તક આપવા માટે ઝુલને નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો છે.

પોતાના કરિયરમાં ૧૨ ટેસ્ટ, ૨૦૧ વન-ડે અને ૬૮ ટી ૨૦ ઈન્ટરનેશનલ મેચ રમી છે. ટેસ્ટમાં ઝુલનના નામે ૪૪ વિકેટ,વન- ડેમાં ૨૫૨ વિકેટ અને ૨૦ ઈન્ટરનેશનલમાં ૫૬ વિકેટ ઝુલને તેમના નામે છે.આ સિવાય તેમણે વર્લ્ડ કપમાં બે વખત ૪-૪ વિકેટ લેવાની સિદ્ધિ મેળવી છે.

ઝુલન ગોસ્વામી પર એક મુવી પણ બની રહ્યું છે જેમાં તેમનો રોલ અન્ય કોઈ નહીં પરંતુ અનુષ્કા શર્મા ભજવશે. તાજેતરમાં મિતાલી રાજે પણ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી.

SINCE 2016

ટુડેઝ ફેક્ટ સમાચાર

TODAYS FACT SAMACHAR

SPECIAL OFFER

FLAT **15%** DISCOUNT ON RATE CARD

શું તમે તમારા ધંધાને ગુજરાતમાં વધારવા માંગો છો.?

'ટુડેઝ ફેક્ટ સમાચારની' મેગેઝિનમાં જાહેરાત કરો

5 IN ONE

PACKAGE BENEFITS

NOTE : BENEFITS AVAILABLE ON MAGAZINE FULL PAGE ONLY

1 MAGAZINE

1 ADVT

2 NEWSPAPER

1 ADVT

3 TFS DAILY NEWS

30 DAYS

4 E MAGAZINE

PDF

TWO TIME

5 SOCIAL MEDIA MARKETING

ONE TIME

SPECIAL OFFER

SPECIAL OFFER

TERMS & CONDITIONS APPLY

BOOK YOUR ADVERTISEMENT NOW | Don't MiSS OFFER

M: 90 33 30 20 74 | 743 50 50 451

બે લિટર એસિડ માનવ પેટમાં દરરોજ બને છે

જ્યારે કુદરતે પૃથ્વી પર જીવન આપ્યું ત્યારે તેણે જાણી જોઈને સજીવોનું સર્જન કર્યું જેથી કરીને સર્જાયેલી અનેક મુશ્કેલીઓને પાર કરીને તેઓ જીવી શકે. તેમણે આ વિચારથી માણસનું સર્જન પણ કર્યું. માનવ શરીર ખૂબ જ વિચિત્ર છે. જો તમે તેની તુલના કોઈપણ મશીન સાથે કરો તો તે ખોટું નહીં હોય. આપણા શરીર સાથે જોડાયેલી ઘણી અનોખી વસ્તુઓ છે અને આજે અમે તેમાંથી એક વિશે જણાવવા જઈ રહ્યા છીએ. શું તમે જાણો છો કે માનવ શરીરમાં આપણા શરીરની અંદર એસિડ હોય છે? હા, તમે તે સાચું વાંચ્યું છે. માનવ શરીરની અંદર એસિડ હોય છે જે લેબ વગેરેમાં વપરાતા એસિડ જેવું જ હોય છે. આજે અમે તમને માનવ શરીરના આવા એસિડ વિશે જણાવવા જઈ રહ્યા છીએ જે માનવ પેટમાં રહેલા એસિડથી સંબંધિત છે, જેના વિશે તમે ભાગ્યે જ જાણતા હશો. પેટનું એસિડ, ગેસ્ટ્રિક એસિડ વાસ્તવમાં હાઈડ્રોક્લોરિક એસિડ છે જે માનવ પેટના લાઈનિંગ્સમાંથી બનાવવામાં આવે છે. માણસો માંસથી લઈને ફાઈબર સુધી બધું જ ખાય છે. આ કારણે, તેના પેટમાં રહેલું એસિડ એટલું એસિડિક અને તીવ્ર હોય છે કે તે દરેક વસ્તુને દબાવી દે છે. શું તમે જાણો છો કે માનવ શરીર માનવ પેટમાં દરરોજ ૨ લિટર એસિડ ઉત્પન્ન કરે છે, જે એટલું એસિડિક છે કે તેમાં ધાતુઓ પણ ઓગળી શકે છે? હોજરીનો રસ ખોરાકના પાચનમાં મદદ કરે છે, તે પેટમાં બનેલો પાચક રસ

ગણી શકાય. તે હાઈડ્રોક્લોરિક એસિડ, પોટેશિયમ ક્લોરાઈડ અને સોડિયમ ક્લોરાઈડનું બનેલું છે. પેટમાં હાઈડ્રોક્લોરિક એસિડની સાંદ્રતા ૦.૫% છે. આ એસિડ આપણે જે માંસ અથવા ફાઈબર ખાઈએ છીએ તેને તોડી નાખે છે અને તેને સુપાચ્ય બનાવે છે. તેનું બીજું સૌથી મહત્વનું કાર્ય આપણી સુરક્ષા છે. ઘણી વખત ખોરાક સાથે, આવા કીટાણુઓ આપણા શરીરની અંદર જાય છે જે આપણને ઘણું નુકસાન પહોંચાડે છે. પરંતુ આ એસિડ તે જંતુઓને મારી નાખે છે. આ રીતે, તે જંતુઓ સામે લડવામાં તે પ્રથમ અવરોધ સાબિત થાય છે. તે બેટરીના એસિડ જેટલું ઝડપી છે. ચાલો તમને જણાવીએ કે એસિડ વધુ એસિડિક અથવા ઓછું એસિડિક હોવાનું માપ તેના pH સ્તર દ્વારા કરવામાં આવે છે. ૦-૧૪ ના આ સ્કેલમાં, ૦ ની નજીકની કોઈપણ વસ્તુ વધુ એસિડિક હશે અને ૧૪ ની નજીકની કોઈપણ વસ્તુ ઓછી હશે. બેટરીમાં એસિડનું pH સ્તર ૦ છે, જે તેને સૌથી વધુ એસિડિક બનાવે છે, જ્યારે સોડિયમ બાયકાર્બોનેટ અથવા ઓવન ક્લિનિંગ ક્લીનર અથવા મોટાભાગના સાબુમાં ૯-૧૦નું pH સ્તર હોય છે. તમને જણાવી દઈએ કે માનવ શરીરમાં એસિડનું pH લેવલ ૧ છે. એટલે કે, તે બેટરીના એસિડ જેટલું એસિડિક છે. એસિડને સુરક્ષિત પાઉચમાં સીલ કરવામાં આવે છે. આ કોથળીઓ મ્યુકોસલ પ્રોટીનથી બનેલી હોય છે, જે આપણા નાકની અંદર રહેલી લાળ તરીકે ઓળખાતી ભીની સામગ્રી હોય છે. આ ખાંડના અણુઓથી બનેલા છે. એસિડને રોકવામાં ખાંડ ખૂબ જ અસરકારક સાબિત થાય છે. ક્યારેક આ એસિડ કોથળીમાંથી પણ બહાર આવે છે, પરંતુ વધુ પડતા લોહીના પ્રવાહને કારણે તે સાફ થઈ જાય છે. આ કારણે, તે મનુષ્યને નુકસાન કરતું નથી. પેટમાં હાજર એસિડને સુરક્ષિત પાઉચમાં સીલ કરવામાં આવે છે. આ કોથળીઓ મ્યુકોસલ પ્રોટીનથી બનેલી હોય છે, જે આપણા નાકની અંદર રહેલી લાળ તરીકે ઓળખાતી ભીની સામગ્રી હોય છે. આ ખાંડના અણુઓથી બનેલા છે. એસિડને રોકવામાં ખાંડ ખૂબ જ અસરકારક સાબિત થાય છે. ક્યારેક આ એસિડ કોથળીમાંથી પણ બહાર આવે છે, પરંતુ વધુ પડતા લોહીના પ્રવાહને કારણે તે સાફ થઈ જાય છે. આ કારણે, તે મનુષ્યને નુકસાન કરતું નથી.

પેટનું એસિડ, ગેસ્ટ્રિક એસિડ વાસ્તવમાં હાઇડ્રોકલોરિક એસિડ છે જે માનવ પેટના લાઇનિંગ્સમાંથી બનાવવામાં આવે છે

સાત મહિનામાં ઘરેથી ગુમ થઈ ૧,૭૪૦ છોકરીઓ

ગુજરાત સરકારના ડેટા પ્રમાણે, આ વર્ષે જાન્યુઆરીથી જુલાઈ સુધીમાં ૦-૧૪થી વયજૂથી ૩૩૧ છોકરીઓ અને ૧૫-૧૮ વયજૂથની ૧,૪૦૯ છોકરીઓ ગુમ થઈ છે, જે આંકડો પાંચ વર્ષમાં સૌથી વધુ છે. રાજ્યના ચાર મહાનગરો અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરામાં છોકરીઓ ગુમ થવાનું પ્રમાણ વધારે જોવા મળ્યું છે, જેનો કુલ હિસ્સો ૪૭ટકા છે. વર્ષ ૨૦૧૭ના પહેલા છ મહિનામાં ૦-૧૪ વર્ષની ૩૧૭ છોકરીઓ ગુમ થઈ હતી. આ વર્ષે ગુમ થયેલા બાળકો, જેઓ પાછા ફર્યા છે અથવા મળી આવ્યા છે, તે વાર્ષિક ડેટા અનુસાર ૪૬ ટકા છે, જે પાંચ વર્ષ કરતાં ઓછા છે. ગુમ થયેલા બાળકોને શોધવા માટે રચવામાં આવેલી પોલીસ ટીમોના એક સભ્યએ જણાવ્યું હતું કે, 'મહામારીના વર્ષોમાં માતા-પિતાને તેમના બાળકો પર વધુ કંટ્રોલ રાખવાનો સમય મળ્યો હતો'. એક પોલીસ અધિકારીએ કહ્યું હતું કે, સ્થિતિના કારણે ઘણીવાર ઝઘડા થતા હતા. 'આ સિવાય, ડિજિટલ ડિવાઈસના ઉપયોગમાં વધારાના કારણે સમસ્યાઓ ઉભી થઈ છે', તેમ તેમણે ઉમેર્યું હતું. 'હાલમાં જ, નવમા ધોરણમાં ભણતી એક છોકરી ૨૦ વર્ષના યુવક સાથે ઘરેથી ભાગી ગઈ હતી. બંનેની મુલાકાત સોશિયલ મીડિયા પર થઈ હતી. જો કે, છોકરીનું રેસ્ક્યૂ કરાયું હતું. અધિકારીએ કહ્યું હતું કે, ૧૩-૧૪ વર્ષની વયજૂથની છોકરીઓ સોશિયલ મીડિયા પર બનેલા મિત્રોને મળવા માટે ઘરેથી ભાગી જતી

હોવાના કિસ્સોમાં વધારો થયો છે. તેમણે ઉમેર્યું હતું કે, ૧૫-૧૮ વયજૂથના કિસ્સામાં, મહામારીના બે વર્ષમાં ભાગી જવાના કેસમાં ઘટાડો થયો હતો, જેમાં ૨૦૨૨માં ફરીથી વધારો જોવા મળી રહ્યો છે. અમદાવાદના એક પોલીસ ઈન્સપેક્ટરે કહ્યું હતું કે, 'જ્યારે ઘરેથી ભાગી જવાની વાત આવે છે ત્યારે તેમાં સામેલ મોટાભાગની છોકરીઓ ૧૫-૧૮ વયજૂથની હોય છે'. શહેરના પશ્ચિમ વિસ્તારમાં તૈનાત ઈન્સપેક્ટરે કહ્યું હતું કે, 'સામાન્ય રીતે, મધ્યમ વર્ગના પરિવારોની છોકરીઓ ભાગી જાય છે, પરંતુ આ દિવસોમાં તેવું કંઈ નથી'. ગાંધીનગરના કેસથી વાલીઓમાં ખળભળાટ મચી ગયો હતો. 'છોકરીએ તેના બોયફ્રેન્ડ સાથે નેપાળ ભાગી જવાની યોજના બનાવી હતી, જે લગભગ આઠ વર્ષ મોટો હતો', તેમ ઈન્સપેક્ટરે કહ્યું હતું. અન્ય ઈન્સપેક્ટરે કહ્યું હતું કે, 'ગેંગ દ્વારા બાળકોના અપહરણના છૂટાછવાયા કિસ્સાઓ હોઈ શકે છે. પરંતુ બાળકોના અપહરણ પર ધ્યાન કેન્દ્રિત કરતી કોઈ ગેંગ નથી. ૧૪ વર્ષ સુધીના ગુમ થયેલા બાળકોના ડેટા દર્શાવે છે કે, તેમાથી અડધા પરત ફર્યા નથી અથવા મળી આવ્યા નથી. સીઆઈડી ક્રાઈમના આંકડા પ્રમાણે, ૨૦૧૭થી ૨૦૨૧ દરમિયાન ગુમ થયેલા ૫૩૩માંથી માત્ર ૨૪૮ (૪૬.૫ટકા) પાછા આવ્યા હતા અથવા પોલીસ દ્વારા ટ્રેસ કરાયા હતા. તેનો અર્થ એ થયો કે, ૦-૧૪ની વયજૂથના ગુમ થયેલા ૫૩.૫ ટકા બાળકો હજી ગુમ છે.

ચોમાસા દરમિયાન રોડમાં ખાડા છે કે પછી ખાડામાં રોડ છે તે અંગે સવાલો ઉઠતા હોય છે. દેશમાં રોડ પડેલા ખાડાના કારણે વર્ષે હજારો લોકોના જીવ જઈ રહ્યા છે. માર્ગ પરિવહન અને હાઈવેસ મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા પ્રમાણે વર્ષ ૨૦૨૦ સુધીમાં સરેરાશ દર વર્ષે રોડ પર પડેલા ખાડાના કારણે ૨,૩૦૦ લોકોના મોત થયા છે. મહત્વનું છે કે વર્ષ ૨૦૧૮માં સુપ્રીમ કોર્ટે રસ્તાઓની જાળવણી અંગે ચિંતા વ્યક્તિ કરી હોવા છતાં વહીવટી તંત્ર દ્વારા દર્શાવવામાં આવતી ઉદાસીનતા લોકોના જીવ લઈ રહી છે. વર્ષ ૨૦૨૧માં રોડ પર પડેલા ખાડાના લીધે દેશમાં કેટલા લોકોના જીવ ગયા તેના આકડા રજૂ કરવામાં આવ્યા નથી. ખાડાઓના કારણે થતા મોત પર કેરળ હાઈકોર્ટ દ્વારા નવા આદેશ કરવામાં આવ્યા છે, આ આદેશમાં રસ્તા પર પડેલા ખાડાને 'માનવ નિર્મિત' આપદાને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ અંતર્ગત સાંકળવા આદેશ કર્યો છે અને શુક્રવારે આ આદેશ કર્યો છે કે જેમાં ભવિષ્યમાં રોડ પર પડેલા ખાડાના કારણે થનારા અકસ્માતને તેમાં સાંકળવામાં આવે, આ અંગે જિલ્લા કલેકટર કોર્ટને માહિતગાર કરશે. આ આદેશ આપતા જજ દેવેન રામચંદ્રને કહ્યું છે કે, હું અહીં જિલ્લા કલેકટરને રસ્તા પર 'માનવ નિર્મિત આપદાઓ'ને રોકવા માટે સક્રિય રીતે કાર્ય કરવાનો નિર્દેશ આપું છું, અને સાવધાન કરું છું કે ભવિષ્યમાં થનારી દરેક દુર્ઘટના અંગે જણાવવાનું રહેશે. કેરળ હાઈકોર્ટે એમ પણ કહ્યું હતું કે નેશનલ હાઈવે પર અકસ્માતમાં કોઈનું મૃત્યુ અથવા ઈજા થાય ત્યારે કેન્દ્ર સરકાર, ખાસ કરીને માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલયના "બંધારણીય અત્યાચાર"ના સિદ્ધાંતોના સંદર્ભમાં ચોક્કસ ભૂમિકા ભજવવાની છે. જેનો અર્થ એ થયો કે સત્તાવાળાઓને તેમના એજન્ટોની કાર્યવાહી માટે જવાબદાર ઠેરવી શકાય છે, જેમાં તેઓ અને તેમના અધિકારીઓ દ્વારા રખાયેલા પ્રાઈવેટ ડેવલપર્સનો પણ સામાવેશ થાય છે. સૂત્રોનું માનીએ તો નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા જલદી ઓનલાઈન સિસ્ટમ લોન્ચ કરશે અને મોબાઈલ એપ્લિકેશન પણ, જેનો ઉપયોગ કરનાર નાગરિક રસ્તામાં પડેલા ખાડા કે બિસ્માર (રસ્તા) ભાગ અંગેની માહિતી આપી શકશે. જે બાદ તેના સમારકામ અંગે સમય સીમા નક્કી કરવામાં આવશે અને જો તે પ્રમાણે સમારકામ ના થયું તો અધિકારીઓને દંડ કરવામાં આવશે.

૧૭૦ ફૂટ ઊંચાઈએ રાષ્ટ્રધ્વજ ફરકાવી સજર્યો ઈતિહાસ

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત દેશના આઝાદીના ૭૬ માં વર્ષમાં પ્રવેશની ઉજવણી આજે આખા દેશમાં કરવામાં આવી હતી. આ ઉજવણીમાં ગુજરાત સહિત સમગ્ર દેશમાં 'હર ઘર તિરંગા અભિયાન' અંતર્ગત ગૌરવભેર રાષ્ટ્રધ્વજ ફરવાવવામાં આવ્યો હતો. ત્યારે રાજ્યમાં ઠેર-ઠેર ધ્વજ વંદન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સાથે રાજ્યમાં તિરંગા યાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત રાજ્ય કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે કરવામાં આવી હતી. આ દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તિરંગો લહેરાવ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમના સંબોધનમાં વીર શહીદોને યાદ કરતા કહ્યું હતું કે, તેઓ નોકરી, ધંધો અને પરિવાર બધુ જ છોડી અંગ્રેજો સામે લડવા નીકળ્યા હતા. મોદીજીના નેતૃત્વમાં દેશમાં થયેલા વિકાસ કર્યો વિશે જણાવ્યું હતું. શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષાના ત્રણ ક્ષેત્રના વિકાસથી આગળ વધી રહ્યા હોવાની વાત કરી હતી. ઉપરાંત સ્વતંત્રતા દિવસના અવસર પર ગુજરાત સરકારે સરકારી કર્મચારીઓને મોટી ભેટ આપી હતી. સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે આજે અમદાવાદ દેશભક્તિના રંગે રંગાયેલું જોવા મળ્યું હતું. વહેલી સવારથી જ દરેક વિસ્તારમાં આવેલા ફ્લેટો સોસાયટીઓમાં ધ્વજવંદનના કાર્યક્રમો યોજાયા હતા. નાના બાળકોએ હાથમાં તિરંગા લઈને દેશભક્તિના ગીતો સાથે ઉજવણી કરી હતી. આજે સવારે વેજલપુર વિસ્તારમાં મેયર કિરીટ પરમાર દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. જેમાં મ્યુનિસિપલ કમિશનર લોચન સહેરા, ડેપ્યુટી મેયર ગીતાબેન પટેલ, કોર્પોરેશનના પદાધિકારીઓ, અધિકારીઓ અને નાગરિકો જોડાયા હતા. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત કડી અને ગાંધીનગરના સેકટર-૧૫ અને સેકટર-૨૩ માં સ્થિત કેમ્પસોમાં ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ ઊંચાઈ ધરાવતા ૧૭૦ ફૂટના સ્તંભ ઉપર ૪૫ ફૂટ લંબાઈ અને ૩૦ ફૂટ પહોળાઈ ધરાવતો રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આ દરમિયાન શહીદોને અંજલિ પાઠવીને ઉપસ્થિત સર્વ વિદ્યાલય પરિવારજનોને સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે હૃદયના ઉમળકાભેર અભિનંદનની હેલી વરસાવીને રાષ્ટ્રકાજે સમર્પિત બની રહેવા અપીલ કરાઈ હતી. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત 'હર ઘર તિરંગા' અભિયાનને સફળતા બક્ષવા કડી અને ગાંધીનગરનાં સર્વ વિદ્યાલયનાં શૈક્ષણિક કેમ્પસોમાં ફરજ બજાવતાં તમામ ૨૮૦૦ કર્મચારીઓને પોતાના નિવાસ સ્થાન ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવવા માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તરફથી રાષ્ટ્રધ્વજ એનાયત કરવામાં આવ્યો હતો.

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત રાજ્ય કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે કરવામાં આવી હતી

અમદાવાદ એરપોર્ટ બની ગયું હવે સાયલન્ટ એરપોર્ટ

એરપોર્ટ, બસ ડેપો અથવા તો રેલવે સ્ટેશન પર જઈએ ત્યારે સતત જાહેરાતો સાંભળવા મળે છે. સતત એનાઉન્સમેન્ટથી પ્રવાસીઓ કંટાળી જાય છે. ત્યારે હવે અમદાવાદ એરપોર્ટ પર સતત એનાઉન્સમેન્ટ થતું સંભળાશે નહિ અને શાંતિનો અહેસાસ થશે. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કોમ્યુનિકેશનના નવા યુગનો પ્રારંભ થયો છે.

SVPI એરપોર્ટ શાંત અને સતત ઉદઘોષણાઓથી મુક્ત એવુ સાયલન્ટ એરપોર્ટ બની ગયું છે. મુસાફરોના સુખદ અને બહેતરીન અનુભવ માટે સતત પ્રયાસરત અમદાવાદ એરપોર્ટ ટેક્નોલોજીનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને સાયલન્ટ એરપોર્ટ બન્યું છે. જોકે મુસાફરો મહત્વની ઘોષણાઓ ચૂકી ન જાય તેની ખાતરી માટે એરપોર્ટ પર ૧૦૦થી વધુ સ્ક્રીનો પર ફ્લાઈટ્સની માહિતી પ્રદર્શિત થતી રહેશે.

આ સ્ક્રીન્સ ટર્મિનલ્સની બહાર, ચેક-ઈન હોલ અને સિક્યોરિટી હોલ્ડ એરિયામાં મોખરાના સ્થળોએ મૂકવામાં આવી છે. સાયલન્ટ એરપોર્ટ પર મુસાફરોને હળવા શ્રાવ્ય અનુભવનો આનંદ માણી શકે તે માટેની એક પહેલ છે. મુસાફરો કોઈપણ જાતની ખલેલ વિના પ્રતીક્ષા સમયનો ઉપયોગ તેમની મનપસંદ પ્રવૃત્તિઓમાં કરી શકે છે. સાયલન્ટ એરપોર્ટનો અર્થ છે મુસાફરોને પુસ્તક વાંચવા, ટ્રાવેલ પાર્ટનર સાથે વાતચીત કરવા, મનપસંદ સંગીત સાંભળવા કે જરૂરિયાત મુજબનું કામ કરવાની સવલત માટેનો વધુ સમય મળી રહેશે.

તાજેતરમાં **SVPI** એરપોર્ટ પર શહેરના યુવા કલાકારો દ્વારા કરવામાં આવેલા લાઈવ મ્યુઝિક પર્ફોર્મન્સને મુસાફરોએ બિરદાવ્યુ હતું. **SVPI** એરપોર્ટ પરથી મુસાફરી કરતા સમયે આવા ઈવેન્ટ્સ અને પર્ફોર્મન્સ અવારનવાર જોવા મળી શકે છે. ગુરુવાર અને શુક્રવારે શહેરના કલાકારો દ્વારા વાંસળી, ગિટાર, સિતાર અને વાયોલિન સાથેના જીવંત પ્રદર્શનને મુસાફરોએ ભારોભાર વખાણ્યું હતું. ભવિષ્યમાં પણ મુસાફરોના સમયનો સાર્થક ઉપયોગ કરી શકે તે માટે શહેરના એરપોર્ટ પર આવી પેસેન્જર એંગેજમેન્ટ પ્રવૃત્તિઓમાં થતી રહેશે.

જો કે, મુસાફરોની સલામતી અને સુખાકારી માટે **COVID** પ્રોટોકોલની ફરજિયાત ઘોષણાઓ અને જરૂરિયાત મુજબ કટોકટી અને સુરક્ષા સંબંધિત જાહેરાતો યથાવત્ રહેશે.

મુસાફરો મહત્વની ઘોષણા ચૂકી ન જાય તે માટે ૧૦૦થી વધુ સ્ક્રીનો પર ફ્લાઇટ્સની માહિતી પ્રદર્શિત થતી રહેશે

ગુજરાતના ત્રણ શહેરો રોકાણકારો માટે પહેલી પસંદ

કોરોના વાયરસ બાદ ભારતના ટોચના સાત શહેરોમાં ઘરનું વેચાણ વધ્યું

કોવિડ -૧૯ હોવા છતાં, રહેણાંક રિયલ એસ્ટેટ બજાર ફૂલીફાલી રહ્યું છે, જેમાં ઘરો હોટ કેકની જેમ વેચાય છે. ટોચના ભારતીય શહેરોમાં રહેણાંક વિભાગ વધુ પડતો હકારાત્મક રહ્યો છે, જે તેને રોકાણની ટોચની પસંદગી બનાવે છે. ભારતના ટોચના શહેરોમાં રહેણાંક રિયલ એસ્ટેટની માંગ કોવિડ-૧૯-પ્રેરિત રોગચાળાના અનુસંધાનમાં વધી છે, કારણ કે રોગચાળા અને કર્મિક લોકડાઉનને કારણે લોકોમાં ઘરની માલિકીની તીવ્ર ઇચ્છા વધી છે. વધુમાં, રોગચાળાએ એક રીમાઈન્ડર તરીકે સેવા આપી છે કે મુશ્કેલ સમયમાં વ્યક્તિનું ઘર સૌથી સુરક્ષિત સ્થાન છે. જાણીતા રિયલ એસ્ટેટ સ્ટ્રેટેજિસ્ટ હિરવ શાહે શેર કર્યું હતું કે ભારતમાં રિયલ એસ્ટેટ સેક્ટર રેસિડેન્શિયલ સેગમેન્ટમાં ૨૦૨૨માં લગભગ ૫% મૂડી મૂલ્ય વૃદ્ધિ અનુભવવા માટે તૈયાર છે. અમુક અનુમાનો જણાવે છે કે ૨૦૨૨માં વેચાણમાં વધારો થવાની ધારણા છે કારણ કે સંભવિત ઘર ખરીદનારાઓ મોટા ઘરોને પસંદ કરવાનું ચાલુ રાખશે, શ્રેષ્ઠ સુવિધાઓ અને આકર્ષક કિંમતો તેમને સોદા બંધ કરવામાં રસ રાખશે. દરમિયાન, ઓફિસોમાં કામ ચાલુ હોવાથી, વ્યાપારી ક્ષેત્રમાં રિકવરી અને ફ્લાઈટ-ટુ-ક્વોલિટી ટ્રેન્ડ ૨૦૨૨માં ભાડામાં સ્થિર રહેવાની ધારણા છે. વધુમાં, લક્ઝરી હાઉસિંગ માર્કેટ નજીકના ગાળામાં નવી ઊંચાઈને સ્પર્શવા માટે તૈયાર છે. ભારતના પ્રીમિયર રિયલ એસ્ટેટ રોકાણ સલાહકાર અને વ્યૂહરચનાકાર હિરવ શાહે જણાવ્યું હતું કે મોટા મહાનગરો સિવાય કોચી, આગ્રા, કોટા, નાગપુર, પુણે, ઈન્દોર, વિઝાગ અને અન્ય દરિયાકાંઠાના શહેરો ભારતમાં રિયલ એસ્ટેટમાં રોકાણ કરવા માટે શ્રેષ્ઠ સ્થળો હશે. રિયલ્ટી વિશ્લેષકોના મતે એર કનેક્ટિવિટી ઉત્તર-પૂર્વમાં પણ વિકાસને વેગ આપશે. ત્યારબાદ શ્રીનગર અને જમ્મુ જેવા સ્થળોની સાથે પટના, ભુવનેશ્વર, વિજયવાડા જેવા શહેરો સંભવિત બજારો તરીકે ઉભરી આવશે. જેવર ખાતેના આંતરરાષ્ટ્રીય હવાઈમથકને કારણે, શિમલા અને દેહરાદૂન જેવા શહેરો રોકાણ આકર્ષશે, જેમ કે ઈન્દોર કે જે મધ્યપ્રદેશ માટે વ્યાપારી અને શૈક્ષણિક હબ છે. જયપુર કે જે ઘણા મેન્યુફેક્ચરિંગ એકમોનું ઘર છે તે પણ આ સમયગાળામાં ઝડપી વિસ્તરણ જોશે. કોટામાં સ્ટુડન્ટ હાઉસિંગ સેગમેન્ટમાં ઉછાળો જોવા મળશે. સુરત, રાજકોટ, અમદાવાદ, નાસિક, રાયપુર, શિલોંગ, મૈસુર અને કોઈમ્બતુર એવા શહેરોમાં છે જે ઘર ખરીદનારાઓ અને રોકાણકારો માટે આકર્ષક છે. નીતિ આયોગ અપેક્ષા રાખે છે કે ભારતીય રિયલ એસ્ટેટ ક્ષેત્ર ૨૦૩૦ સુધીમાં ઈ૧ ટ્રિલિયનના બજાર કદ સુધી પહોંચશે અને ૨૦૨૫ સુધીમાં ભારતના જીડીપીમાં ૧૩ ટકા હિસ્સો ધરાવશે. આર્થિક વૃદ્ધિ લાવવા માટે પહેલેથી જ ૨૦૨૨ માં તેની ઉપરની ગતિ ચાલુ રાખવા માટે ત્રીજું સૌથી મોટું ક્ષેત્ર, રિયલ એસ્ટેટ ઉદ્યોગની અપેક્ષા છે.

૧૦ લાખ કિસ્સામાં માત્ર એક વખત જન્મે છે જોડિયાં બાળકો

કોઈપણ મહિલા માટે મા બનવાનો અનુભવ ખૂબ જ ખાસ હોય છે. તમામ મહિલા આ અવસ્થાને એન્જોય કરે છે. પ્રેગનેન્સીના ૯ મહિના બાદ જ્યારે બાળક માના ખોળામાં આવે છે, ત્યારે માં પ્રેગનેન્સી સીકનેસ અને દુઃખાવો બધુ જ ભૂલી જાય છે. ત્યારે એક માના ખોળામાં બે બે બાળક રમતા હોય ત્યારે માતાની ખુશી બમણી થઈ જાય છે. સોશિયલ મીડિયા પર એક માતાએ પોતાના ટ્વિન્સ બાળકોના ફોટોઝ શેર કર્યા હતા. પણ યૂઝર્સ સવાલ પૂછવા લાગ્યા હતા કે, શું આ બંને બાળકો ખરેખર તેના જ છે? યૂ.કે.ના નાર્ટિંઘમાં રહેતી ૨૯ વર્ષીય ચૈંટેલે બ્રોધતોએ એપ્રિલ ૨૦૨૨માં બે ટ્વિન્સ બાળકોને જન્મ આપ્યો હતો. બાળકોને જન્મ આપ્યા બાદ ચૈંટેલે લાગ્યું હતું કે, ભલે તેણે ટ્વિન્સ બાળકોને જન્મ આપ્યો હોય, પરંતુ આ બંને બાળકોમાં ખૂબ અલગ છે. એક બાળક ખૂબ જ ગોરું છે અને બીજા બાળકની સ્કિનનો કલર

ડાર્ક છે. આ બંને બાળકોનો સ્કિન ટોન અલગ છે. ચૈંટેલેએ એક બાળકનું નામ અયોન રાખ્યું છે અને બીજા બાળકનું નામ અજિરાહ રાખ્યું છે. અયોનનો સ્કિન ટોન ગોરો છે અને તેની આંખો લીલા રંગની છે. અજિરાહની આંખો ભૂરી છે અને સ્કિન ટોન ડાર્ક છે.

જેનેટિક્સ એક્સપર્ટ આ અંગે જણાવે છે કે, આ પ્રકારના ટ્વિન્સનો જન્મ ખૂબ જ રેર કેસમાં થાય છે. ૧૦ લાખમાં માત્ર એક વાર જ આ પ્રકારે થાય છે. આ બંને બાળકો મિક્સ્ડ રેસના છે. ચૈંટેલેના રિલેશનશીપના કારણે આ પ્રકારે થયું છે. ચૈંટેલેના દાદા નાઈજિરિયાના હતા. આ બે ટ્વિન્સ બાળકના પિતા જમૈકન અને સ્કોટિશ છે. જેનેટિક્સના કારણે બંને બાળકો કલર અલગ અલગ છે. બાળકની માતા જણાવે છે કે, જન્મ સમયે બંને કલરમાં ખાસ ડિફરન્સ જોવા નહોતો મળતો, પરંતુ ચાર મહિના બાદ બંને બાળકો ખૂબ જ અલગ લાગી રહ્યા છે. ચૈંટેલે અનુસાર આ બંને બાળકોના કલરની સાથે સાથે બધુ જ અલગ છે. આ બંને બાળકો ચાર મહિનાના છે અને તેમની પર્સનાલિટી પણ બિલકુલ અલગ છે.

આ બંને બાળકોમાં એક જ વાત કોમન છે કે, બંને તોફાન ખૂબ જ કરે છે. દીકરાનો કલર ગોરો છે પરંતુ દીકરી ધીમે ધીમે તેના પિતાની જેમ ડાર્ક થતી જાય છે. ચૈંટેલેએ જણાવ્યું કે, લોકોને વિશ્વાસ જ નથી આવતો કે, આ બંને બાળકો ટ્વિન્સ છે. અનેક વાર લોકો પૂછે છે કે, શું ખરેખર આ બંને બાળકો તેના જ છે?

વાહન-મોબાઈલ ચોરીમાં ઓનલાઈન FIR કરી શકાશે

પોલીસનો નવતર પ્રયોગ, હવે ઓનલાઈન FIR કરી શકાશે

ગુજરાત પોલીસ દ્વારા હવે નવતર પ્રયોગ હાથ ધરવામાં આવી રહ્યો છે. વાહન ચોરી કે મોબાઈલ ચોરીના કેસમાં હવે પોલીસ નાગરિકોને નવી સુવિધા આપવા જઈ રહી છે. એટલે હવે વાહન ચોરી કે મોબાઈલ ચોરીના કેસમાં ફરિયાદીને પોલીસ સ્ટેશનના ધક્કામાંથી મુક્તિ મળશે. ફરિયાદી વાહન ચોરી અને મોબાઈલ ચોરીની ઓનલાઈન FIR કરી શકશે. ઓનલાઈન ફરિયાદ કર્યા બાદ તરત જ ફરિયાદીના મોબાઈલ પર મેસેજ આવી જશે. ફરિયાદ દાખલ થયા બાદ ઈમેલ અને મેસેજના માધ્યમથી ફરિયાદીને માહિતી મળી જશે. સાથે જ પોલીસની કામગીરીમાં પણ ઘટાડો થશે. આ ઈ-હૅંઈનું આવતીકાલે લોન્ચિંગ થશે.

રાજ્ય ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, આ પ્રોજેક્ટનું લોન્ચિંગ આવતીકાલે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે થશે. ઓનલાઈન ફરિયાદ કર્યા બાદ ફરિયાદીએ પોલીસ સ્ટેશનના ધક્કા નહીં ખાવા પડે. જ્યારે ફરિયાદી ઓનલાઈન FIR કરશે એવું તરત જ તેમને મોબાઈલ પર મેસેજ મળી જશે. જેવી એની ફરિયાદ દાખલ થશે એવી જ એની માહિતી ઈમેલ અને મેસેજના માધ્યમથી ફરિયાદીને મળી જશે. એ સિવાય ૨૧ દિવસમાં જે ચાર્જશીટ દાખલ થશે એની માહિતી પણ મોબાઈલ ફોન પર મળી જશે. ગુજરાતના નાગરિકોને પોલીસ સ્ટેશન સુધીના ધક્કા ન ખાવા પડે એટલા ગુજરાત પોલીસ દ્વારા એક પછી એક વ્યવસ્થા ઊભી કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જેની શરુઆત મોબાઈલ ફોન અને વાહન ચોરીના માધ્યમથી કરી રહ્યા છે.

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના જણાવ્યા મુજબ, એટલે મોબાઈલ ફોન

ચોરી અને વાહન ચોરીમાં ફરિયાદીને પોલીસ સ્ટેશનના ધક્કા નહીં ખાવા પડે અને ઓનલાઈન FIR કરી શકશે. વાહન અને મોબાઈલ ચોરી થઈ હશે તો જ ફરિયાદ કરી શકાશે. જો કોઈએ લૂંટ્યો હોય તો એની કલમ અલગ લાગતી હોવાથી એ ફરિયાદ ફિજીકલ અલગ જ રાખવામાં આવી છે. આ નવતર પ્રયોગથી ગુજરાતના જ નાગરિકોને ફાયદો થવાની સાથે પોલીસ સ્ટેશનમાં પણ દરરોજનો ૧૦-૧૫ ટકાનો લોડ ઘટશે. એનાથી ગુજરાતના અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં ફરજ બજાવતા અધિકારીઓ પણ અન્ય કામગીરીઓમાં ધ્યાન આપી શકશે. જેની સાથે ૧૫ ટકાનો સમય પણ બચશે, જેનો ફાયદો આવનારા સમયમાં થશે. આ પ્રોજેક્ટ ગુજરાતના તમામ નાગરિકો સુધી પહોંચાડવા માટે પોલીસ દ્વારા જ નવતર પ્રયોગ કરવામાં આવવાનો છે.

તેઓએ આગળ જણાવ્યું કે, અંદાજે ૭૫૦ અલગ અલગ જગ્યાઓએ જેવી કે કૉલેજ, યુનિવર્સિટી જેવી જગ્યાએ જઈ પોલીસ તેની માહિતી પૂરી પાડશે. ગુજરાત પોલીસની એપ્લીકેશનની સંપૂર્ણ માહિતી આપવામાં આવશે. એપ્લીકેશનમાં વિવિધ સિટીઝન સેન્ટ્રીક કામો છે. જેની માહિતી દ્વારા આવનારા દિવસોમાં યુવાનો પોતાના પરિવારોના સભ્યોને ટ્રેનિંગ આપીને ગુજરાતમાં વધુમાં વધુ લોકોને ઈ-એફઆઈઆર અને ઈ પોલીસીંગમાં ભાગ લે એવો અમારો પ્રયાસ છે. જે અંતર્ગત ૨૩ જુલાઈથી ૧૪ ઓગસ્ટ સુધી અલગ અલગ જિલ્લાઓમાં પોલીસ ભવનમાંથી સિનિયર અધિકારીઓથી લઈને ગૃહ વિભાગના અનેક અધિકારીઓ અલગ અલગ કૉલેજોમાં જઈ માહિતી પૂરી પાડશે. જેથી લોકોને પોલીસ સ્ટેશનના ધક્કા ન ખાવા પડે.

બોલિવૂડે શાહરુખ ખાન પાસેથી શીખવાની જરૂર છે?

તાજેતરમાં ફિલ્મોનો બોયકોટ કરવાનું ચલણ ખૂબ વધી ગયું છે. આમિર ખાનની ફિલ્મ લાલ સિંહ ચઢ્ઢા પછી હવે શાહરુખ ખાનની ફિલ્મ પઠાણને બોયકોટ કરવાની માંગ કરી રહ્યા છે. પણ આજે પણ એક મોટો વર્ગ છે જે લોકો શાહરુખ ખાનના ફેન છે. શાહરુખ ખાનને બોલિવૂડનો કિંગ ખાન અથવા બાદશાહ કહેવામાં આવે છે. માત્ર ફિલ્મોને કારણે જ નહીં, તેના સ્વભાવને કારણે પણ લોકો તેના વખાણ કરે છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીના લોકો અવારનવાર કહેતા હોય છે કે શાહરુખ ખાન લોકોને સ્પેશિયલ ફીલ કરાવે છે, સન્માન આપે છે. વિકી કૌશલના પિતા અને સ્ટંટ ડાઈરેક્ટર શામ કૌશલે પણ શાહરુખને લગતો આવો કિસ્સો શેર કર્યો છે. શામ કૌશલે તાજેતરમાં જણાવ્યું કે શાહરુખ ખાને તેમના પત્ની વીણા અને દીકરા વિકી કૌશલ સાથે જે પ્રકારનો વ્યવહાર કર્યો, તેનાથી તેઓ ભાવુક થઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે શામ કૌશલ પાછલા ૨૧ વર્ષથી શાહરુખ ખાન સાથે કામ કરી રહ્યા છે. તેમણે અશોકાથી લઈને ઓમ શાંતિ ઓમ સુધી, અનેક ફિલ્મોમાં શાહરુખ ખાનના સ્ટંટ્સ કોરિયોગ્રાફ કર્યા છે. ૨૦૧૯માં આયોજિત ફિલ્મફેર અવોર્ડ્સનો એક કિસ્સો યાદ કરતાં શામ કૌશલ જણાવે છે કે, કોઈ પણ માણસને સન્માન કેવી રીતે આપવું જોઈએ તે ફિલ્મ ઈન્ડસ્ટ્રીએ શાહરુખ ખાન પાસેથી શીખવું જોઈએ. શાહરુખ તમને જે પ્રકારે ટ્રીટ કરે છે, જે પ્રકારે તમારી સાથે વર્તન કરે છે, તેનાથી તમે પોતાના માટે ધન્ય અનુભવ કરો છો. આજે પણ અમારો સંબંધ એવો જ છે જેવો અશોકા સમયે હતો. અમે એકબીજા સાથે પંજાબીમાં વાત કરીએ છીએ. ૨૦૧૯ના ફિલ્મફેર અવોર્ડ્સમાં શાહરુખ ભાઈ અને વિકી હોસ્ટ કરી રહ્યા હતા. હું કોઈ પણ અવોર્ડ ફંક્શનમાં જાઉં છું તો જ્યાં પણ બેસવાનું કહેવામાં આવે છે ત્યાં બેસી જાઉં છું, હું તે શોમાં એટલા માટે ગયો હતો કારણકે મારો દીકરો પણ હોસ્ટ કરી રહ્યો હતો. શામ કૌશલ આગળ જણાવે છે કે, શાહરુખ અને વિકી સ્ટેજ પર આવ્યા. શાહરુખે વિકીને પૂછ્યું કે હું ક્યાં બેઠો છું. હું પત્ની સાથે પાંચમી અથવા છઠ્ઠી લાઈનમાં બેઠો હતો. બધા જ કેમેરા મારી તરફ આવી ગયા. શાહરુખ ખાને વિકીને કહ્યું કે, જ્યારે હું ઈન્ડસ્ટ્રીમાં નવો હતો ત્યારે તારા પિતાએ મને ઘણું શીખવાડ્યુ હતું. શાહરુખે આ સિવાયની ઘણી વાતો કહી. તમામ લોકોનું ધ્યાન અમારા પર હતું. હું ઈમોશનલ થઈ ગયો, મને લાગ્યુ હવે હું રડી પડીશ. ઈશ્વરની કૃપાથી મને કરિયરમાં ઘણાં અવોર્ડ મળ્યા, પણ ફિલ્મફેરની તે ક્ષણ હું ક્યારેય નહીં ભૂલી શકુ. પછી જ્યારે મેં વિકીને પૂછ્યું કે શાહરુખે જે કહ્યું તે સ્ક્રિપ્ટનો ભાગ હતો? તો વિકીએ મને જણાવ્યું કે આ બધું સ્ક્રિપ્ટમાં નહોતું. શાહરુખે વેનિટી વેનથી સ્ટેજ પર આવતી વખતે જ વિકીને પૂછ્યું હતું કે શામજી આવ્યા છે કે નહીં?

બોયકોટથી ભારતની અર્થવ્યવસ્થાને થઈ રહ્યું છે નુકસાન : અક્ષય કુમાર

કોરોનાકાળ પછી બોલિવૂડ ઈન્ડસ્ટ્રીને ઘણું નુકસાન થયું છે. અવારનવાર કોઈપણ ફિલ્મ અથવા કલાકારને સોશિયલ મીડિયા પર બાયકોટ કરવામાં આવે છે. એટલું જ નહીં ઘણી વખત તો આખી બોલિવૂડ ઈન્ડસ્ટ્રીને બાયકોટ કરવાની મુહિમ ચલાવવામાં આવે છે. આ મામલે રક્ષાબંધન સ્ટાર૨ અક્ષય કુમારએ મૌન તોડ્યું છે. આ દરમિયાન બાયકોટ ટ્રેન્ડના કારણે ઈન્ડસ્ટ્રીને થતા નુકસાન વિશે ચર્ચા કરી. તાજેતરમાં રિલીઝ થયેલી અક્ષય કુમારની ફિલ્મ રક્ષાબંધન પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટર પર બાયકોટ કરવામાં આવી. અક્ષયની ફિલ્મ રિલીઝના ત્રણ દિવસમાં પણ કમાણી કરી શકી નથી. તાજેતરમાં આપેલા ઈન્ટરવ્યુમાં અક્ષયે આ મામલે પોતાનો અભિપ્રાય આપ્યો છે. અક્ષય કુમારે જણાવ્યું કે-

ફિલ્મને બાયકોટ કરવાની હરકત લોકો દ્વારા કરવામાં આવે છે, મારી વિનંતી છે કે તે લોકો આવું ન કરે. એક ફિલ્મ બનાવવા માટે ઘણા લોકોની મહેનત અને પૈસા લાગે છે. આવી સ્થિતિમાં આ બહિષ્કાર મુહિમથી મોટું નુકસાન થાય છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીના નકસાનની સાથે સાથે તેનાથી દેશની અર્થવ્યવસ્થા પર પણ અસર પડે છે. તેનાથી દેશની ઈકોનોમીને ભારે નુકસાન થાય છે. તેના દ્વારા ક્યાંક ને ક્યાંક આપણે પોતાને પણ નુકસાન પહોંચાડી રહ્યા છીએ. મને વિશ્વાસ છે કે આવું કરનારા લોકોને ટૂંક સમયમાં અહેસાસ થશે. બોલિવૂડ બાયકોટ સિવાય અક્ષય કુમારે સાઉથ સિનેમાની હિટ ફિલ્મો વિશે પણ ચર્ચા કરી છે. અક્ષયે જણાવ્યું કે, ફિલ્મ હિટ ત્યારે થાય છે, જ્યારે તે સારી બને છે. તેમાં એ કહેવું ખોટું છે કે તે સાઉથ ઈન્ડસ્ટ્રીની ફિલ્મ હતી એટલે ચાલી. ફિલ્મ પોતાના સારા પ્રદર્શનના કારણે ચાલે છે. બાયકોટના કારણે અક્ષય કુમારની રક્ષાબંધન બોક્સ ઓફિસ પર સારી કમાણી ન કરી શકી.

રોસ્ટેડ મસાલા કાજૂ

રોસ્ટેડ કાજૂ બનાવવા માટે બે કપ સાદુ કાજૂ લો. હવે એક કઢાઈમાં ગેસ પર ગરમ થવા માટે મૂકો. તેમાં લવિંગ, કાળી મરી અને જીરું રોસ્ટ કરી લો. હવે તેમાં ચાટ મસાલા, સાદુ મીઠુ અને સંચણ નાખી મિક્સરમાં વાટી લો.

હવે કઢાઈમાં એક ચમચી ઘી નાખો અને તેમાં બધા મિક્સ મસાલા મિક્સ કરો. હવે તેમાં કાજૂ નાખો. મસાલામાં ઘી હોવાના કારણે તે કાજૂમાં સારી રીતે ચોંટી જશે. હવે ગેસ બંધ કરી કાજૂને વાટકીમાં કાઢી લો.

બંગાળી મિઠાઈ સંદેશ

આ મિઠાઈ ખૂબ વધારે ફેમસ છે. તેને બનાવવા માટે તમને ખૂબ ઓછી વસ્તુઓની જરૂર હોય છે. બંગાળની પ્રખ્યાત મિઠાઈ સંદેશને લોકો ખૂબ શોખથી ખાય છે. તેને બનાવવા માટે તમને દૂધ, લીંબૂનો રસ, ખાંદ, પિસ્તા, બદામ અને કિશમિશની જરૂર પડશે. તેને બનાવવા માટે દૂધને ગરમ કરી તેમાં લીંબૂનો રસ નાખી ચક્કો બનાવી લો. એક સૂતી કપડામાં તેને કાઢી અને નિચોડી લો. ચક્કને ધોવો અને પછી થોડી વાર માટે રાખી દો. પછી પ્લેટ લો અને હાથની મદદથી મસળવો શરૂ કરો. સારી રીતે ચિકણો થયા પછી તેમાં ખાંડ મિક્સ કરો. પછી તેને સંદેશની શેપ આપો અને પિસ્તા, બદામ અને કિશમિશથી ગાર્નિશ કરવો.

ફ્રેન્ચ ફ્રાય

સામગ્રી - ૨૫૦ ગ્રામ બટાકા, મીઠુ સ્વાદમુજબ, ચાટ મસાલા અને તળવા માટે તેલ

બનાવવાની રીત - બટાકા કાપીને એક જેવા શેપમાં કાપી લો અને પાણીમાં નાખતા જાવ. તેનાથી બટાકા કાળા પડે નહી. ૫ મિનિટ સુધી સમારેલા બટાકા પાણીમાં રહેવા દો. હવે એક વાસણમાં પાણી નાખી ગેસ પર મુકો. જ્યારે પાણી ઉકળવા માંડે ત્યારે મીઠુ અને ફ્રેન્ચ ફ્રાય નાખી દો. સારી રીતે ઉકળ્યા પછી ગેસ બંધ કરીને પાણીમાં જ ફ્રેન્ચ ફ્રાય ૫ મિનિટ રહેવા દો.

- હવે ફ્રેન્ચ ફ્રાયને પાણીમાંથી નિતારીને કપડાથી હળવા હાથે લુછીને પાણી સુકાય જવા દો. પાણી સુકાય જાય પછી ફ્રેન્ચ ફ્રાય ૧૦ મિનિટ માટે ફ્રીઝરમાં મુકી દો. હવે ગેસ પર તેલ ફાસ્ટ તાપ પર તપાવો અને તેમા બટાકાની ફ્રેન્ચ ફ્રાય નાખીને સોનેરી તળી લો અને કિચન પેપર પર કાઢી લો. લો તૈયાર છે ગરમા ગરમ ક્રિસ્પી ફ્રેન્ચ ફ્રાય. તેને સોસ અને ચાટ મસાલા સાથે સર્વ કરો.

કાજૂ પિસ્તા રોલ

સામગ્રી - ૭૫૦ ગ્રામ કાજુ, ૩૦૦ ગ્રામ પિસ્તા, ૮૦૦ ગ્રામ ખાંડના ક્યુબ્સ, ૫ ગ્રામ એલચી પાવડર, ગાર્નિશિંગ માટે સિલ્વર લીફ.

બનાવવાની રીત :- કાજૂ પિસ્તા રોલ બનાવવા માટે સૌથી પહેલા કાજૂને પલાડી નાખો અને પિસ્તાને બ્લાંચ કરીને તેના છાલટા ઉતારી લો. આ બન્નેને જુદા-જુદા વાટીને તેનો પેસ્ટ બનાવીને રાખી લો. ત્યારબાદ ખાંડ ૬૫૦ ગ્રામ કાજૂ અને ૧૫૦ ગ્રામ પિસ્તા મિશ્રણ બન્ને મિક્સને જુદા-જુદા રાંધવો. જ્યારે સુધી ખાંડ ઓગળી ન જાય અને તે પછી તેમાં એલચી પાઉડર નાખો. તેને કડાહીમાં કાટી લો. કાજૂ અને પિસ્તાની એક શીટ બનાવી લો અને વચ્ચેથી રોલ કરો. સિલ્વર લીફથી ગાર્નિશ કરીને સર્વ કરો.

S.R. Master : 99252 74472
: 98982 21068
R.I. Master : 93277 38601

PHOENIX
INDUSTRIAL SOLUTIONS
SAFETY | QUALITY | INTEGRITY

We Deal & Supplier & Stockist of Pneumatic, Electrical Actuator Operated Valves & Handle Operated Valves.

info.phoenixind@gmail.com | Phoenix.india001@gmail.com

Address : 1284/2, Jamalpur Road,
Nr. Sona Cutpiece Show Room, Ahmedabad : 380001

kotak
Kotak Mahindra Bank

GET YOUR
PERSONAL LOAN
UPTO
RS. 25 LAC

T&C APPLY

FOR MORE INFO CONTACT
FAISAL DHUBAJIWALA | M : 95 37 70 31 75

SONA
VILLAS

FARM HOUSE &
BUNGALOW PLOTTING

NA NOC TITLE Clear, Bank Loan Available

> Main Gate with Security Cabin
> 24 Hrs CCTV Camera facility
> Compound Wall Facility
> R.C.C. Road with Street Light

ADDRESS:-
SONA VILLAS,
Ahmedabad - Mumbai Old Highway,
Ratanpur, Dist. Kheda

FOR INFO CONTACT : SALIM BHAI SONA
M: +91-9824075744
M: +91-9054535744

ક્યોર ક્લિનીક®

ડૉ. ઈસ્માઈલભાઈ લાલા

અસલ રાંદેરના જુના અને જાણીતા હાડવૈદ

એમ. ડી. (હર્બલ) રજીસ્ટ્રેશન આઈ ડી નં. ડી. એન. એસ. આઈ (ગુજરાત) ૩૭૦૬/૨૦૧૩
ઈલેક્ટ્રો હોમિયોપેથી ડી.ઈ.એચ.એમ./૨૦૧૬
ડી.ઓ.એમ. રજીસ્ટ્રેશન નં. એ-૩૦૧૦૧
એન.ડી.-આઈ બી એ એમ/ આર.એમ.પી. એ-૨૨૨૪૦
મેમ્બર ઓફ એફ.આઈ.સી.સી.એમ. મેમ્બર ઓફ આયુશ.એ એફ.ડબલ્યુ.એસ.આઈ.એમ. (યુ.એસ.એ)
મેમ્બર ઓફ આયુશ ડોકટર્સ & પેરા મેડીકલ એસોશીયેશન

નસ તથા હાડકાના રોગોના નિષ્ણાંત ઓપરેશન વગર સારવાર

ફેકચર, હાડકાઓનું ગંભીર રીતે ભાંગી જવું, હાડકાના ચૂરેચૂરા થઈ જવા, સાંધાઓનું ઉતરવું, હાડકાનો જુનો દુઃખાવો, સ્લીપ ડીસ્ક તથા ખોડ ખાંપણનો ખાત્રીપૂર્વક ઉપચાર કરી આપીશું.

અડાજણ કિલનીક

એલ/૬, એલ/૮, શાકુંતલ કોમ્પલેક્ષ, સંઘવી ટાવર પાસે,
અડાજણ રોડ, સુરત-૩૯૫ ૦૦૯ (ગુજરાત-ભારત).

ફોન : (ઓ) ૦૨૬૧ - ૨૭૮૬૦૫૫

સમય : સવારે ૯.૦૦ થી ૧.૦૦ શુક્રવારે બંધ, રવિવારે રાબેતા મુજબ ચાલુ રહેશે.

રાંદેર કિલનીક

G-1, અમન એપાર્ટમેન્ટ, નાની પારસીવાડ, રાંદેર ગામ, સુરત-૩૯૫ ૦૦૫ (ગુજરાત-ભારત).

ફોન : (ઓ) ૦૨૬૧ - ૨૭૭૬૦૫૫

સમય : સાંજે ૬.૦૦ થી ૮.૦૦ ગુરૂવારે બંધ,
રવિવારે સાંજે ૪.૦૦ થી ૬.૦૦

डो. ईस्माईलभाई लाला

नसो और हड्डीयोंके रोगो के माहिर - बगेर ओपरेशन उपचार

फ्रेकचर, हड्डियों का बुरी तरह टूट जाना, जोंडो का खीसक जाना, हड्डियों का पुराना दर्द, स्लीप डिस्क और शारिरीक एब का यकीनी ईलाज किया जाता है ।

क्योर क्लिनिक®

AN ISO 9001 : 2015 Certified Clinic

अडाजण क्लिनिक

अेल–6/8, शाकुंतल कोम्पलेक्ष,
संघवी टावरके बाजुमें, अडाजण रोड,
सुरत–395009 (गुजरात) भारत.

फोन : 0261-2786055

समय : सुबह 9.00 से 1.00
(रविवार चालु रहेगा, शुक्रवार बंध)

AN ISO 45001 : 2018 Certified Clinic

रांदेर क्लिनिक

जी–1, अमन अेपार्टमेन्ट,
नानी पारसीवाड, रांदेर गाम,
सुरत–395005 (गुजरात) भारत.

फोन : 0261-2776055

समय : शाम 6.00 से 8.00
(रविवार 4 से 6, गुरुवार बंध)

બતાવવા માટે ફોન કરીને આવવું જરૂરી છે.
અમારી અન્ય કોઈ શાખા નથી.

મો. : ૯૮૨૪૧ ૮૨૦૫૫, ૯૭૧૨૯ ૫૫૦૫૫

RNI Registration No. GUJGUJ/2016/72090 Registered under Postal Registation No. AHD-C/102/2019-2022 Valid up to Dt. 31/12/2022 issued by the SSPO's, Ahmedabad City Division. Published on 1st Date of Every month and Permitted to post at Ahmedabad PSO on 5th Date of Every Month.

સબસે અચ્છા સબસે સસ્તા
ખજુરી હી ખજુર

SULTAN AL TOMOOR
سلطان التمور

GOODLUCK
DATES

Wholesale & Retail
Dry Fruits & Sweet

અજવા-કલમી-અંબર-મબરૂમ-
મેજદૂલ-સુકી ખજૂર

ડ્રાયફ્રુટ
કાજુ-બદામ-અંજીર-પીસ્તા
-ચિલગોજા-કેસર-દ્રાક્ષ-અખરોટ

સુખે ફ્રુટ
આમ-કીવી-
સ્ટ્રોબેરી-પાઈનેપલ-જામુન-ઓરેંજ

ઈરાની ખજૂર
કીમીયા-ફર્દ-
ડેટ કાઉન-જહીદી-રબી-મજાફતી

અંબર ₹700 1 KG

અજવા ₹800 1 KG

કલમી ₹400 1 KG

પાલીની સુપ્રસિદ્ધ ડ્રાયફ્રુટ મીઠાઈ
(મેરતિયા સ્વીટ હોમ પાલી)

MO. AYYUB CHHIPA : 92510 55555 | 98281 55555

SHOP ADDRESS : RELIEF CROSS ROAD, GPO ROAD, AHMEDABAD-380001

web: www.todaysfact.in

JOIN TODAYS FACT SAMACHAR

Since 2016

ટુડેઝ ફેક્ટ સમાચાર

TODAYS FACT SAMACHAR

માસિક મેગેઝિન ગુજરાતી ભાષામાં

વાંચો અને વંચાવો, નવું જાણો, ઘણું માણો!

સમગ્ર પરિવાર માટે શિક્ષણ, આરોગ્ય, રમતો, તકનીકી, મુસાફરી, ખોરાક, જીવનશૈલી, ફેશન, ફિલ્મ, મનોરંજન, બાળકો, મહિલાઓ, વ્યવસાય, કારકીર્દિ, સફળતાનો જ્ઞાનખજાનો ખોલતું મેગેઝિન!

ANNUAL MAGAZINE SUBSCRIPTION

₹200/-

12 ISSUE
ONE YEAR

તો આજે જ આપની ટુડેઝ ફેક્ટ સમાચાર મેગેઝિનની નકલ બુક કરાવો

M: +91- 743 50 50 451

SUCCESS OF 4 ANNIVERSARY YEARS

SINCE 2016

ટુડેઝ ફેક્ટ સમાચાર

TODAYS FACT SAMACHAR



આપણા સમાજ-ધર્મ કે સંસ્થા અથવા તો આસપાસ બનતી નાની મોટી ઘટનાઓ,પ્રેસ નોટ, પ્રસંગો, કલબ, જન્મદિન મુબારક, સાલગીરાહ, જોક્સ, શાયરી, લેખ, કવિતા, પ્રસિદ્ધિ, મેગેઝિનમાં તમારા નામ સાથે છપાવવા માટે તક.

દર મહિનાની ૨૦ તારીખ સુધી તમે તમારો સંદેશ મોકલી શકો છો, મેગેઝિન દર મહિનાની પહેલી તારીખે પ્રસિદ્ધ થશે.

નીચે જણાવેલ **E-MAIL ID** અથવા **WHATSAPP** પર મોકલી આપો.

વિનામૂલ્યે પ્રસિદ્ધ થાવ!

Email: tfsnews01@gmail.com

+91-63551 40602

JOIN ON SOCIAL PLATFORMS

ટુડેઝ ફેક્ટ સમાચાર

TODAYS FACT SAMACHAR

CLICK HERE TO JOIN US ON WHATSAPP

TO GET LATEST NEWS UPDATE

CLICK HERE TO SUBSCRIBE CHANNEL

FOR VIDEOS UPDATES SUBSCRIBE

TODAYS FACT SAMACHAR YOUTUBE CHANNEL

YouTube

CLICK HERE TO BOOK YOUR ADVT

FOR ADVERTISEMENT CONTACT

M: 90 33 30 20 74

NEWS AVAILABLE ON SOCIAL PLATFORMS

GET IT ON Google Play